॥ ॐ ॥

॥ श्री देव गुरु प्रसन्नोस्तु ॥

કડવા ભાટે જ્ઞાતીના મહારાજ
હરગોવીંદ નીતમરામની બનાવેલી

॥ आत्मबोध भजनावळी ॥

છાપી છપાવી પ્રસિદ્ધ કર્તા
દવે હરગોવીંદ નીતમરામ.
મુ. વાડીઆપુર-વીજાપુર પાસે.

સંવત ૧૯૭૩ સને ૧૯૧૭

પ્રથમાવૃત્તિ પ્રત ૫૦૦.

ગાંધીરોડના પુ. નીચે આવેલા શ્રી જૈન વિદ્યાવિજય
પ્રેસમાં શા. ચુનીલાલ મગનભાઈએ છાપી,
અમદાવાદ.

કીંમત રૂ. ૦-૨-૦.

॥ શ્રી ગુરૂદેવ પ્રસન્નોતુ ॥

આત્મબોધ ભજનાવળી.

॥ પ્રાર્થના. ॥

રૂપ ગુણ અગણીત હરી
શીવ અજ નંદકીશોર
કોઇને દુઃખ ન આપતાં.
દયાળ પુરણ્યો કોડ.
રહે મન રળીયાત સૌ;
લાગે તુજને પાય.
લક્ષ્મીવર મોરલીધર,
છભ્યાએ ગુણ ગાય;
નેત્ર વડે નીરખતાં.
પ્રણામ દે ન રનાર
હરગોવીંદ વીનવે; તારો ભવજલ પાર.

॥ આરતી નીરંજનની ॥

જયદેવ જયદેવ જય અંતરયામી પ્રભુ૦ ॥ર॥
નીર્વીકલ્પ નીરંજન જગદીશ્વર સ્વામી જય૦ ॥૧॥
શ્રીગુરૂ ગરીબ નીવાજ ભક્તવચ્છલ દાતા પ્રભુ૦ ॥
વીનતી સુણજ્યો મારી દત્તહરી ત્રાતા જય૦ ॥ર॥

જય મચ્છ કુચ્છ વરાહ વાંમનરૂપ હરી　　પ્રભુ૦
પતીત પાવન સ્વામી ધન્વંતર ધ્યાની　　જય૦ ॥૩॥
જય નરસીંહ નરનારાયણ સચરાચર ગામી પ્રભુ૦ ॥
ભવજલ પાર ઉતારો વંદુ શીશ નામી　　જય૦ ॥૪॥
દેવ નીરંજન આરતી જે કોઇ ગાશે　　પ્રભુ૦ ॥
ભણે હરીહર સ્વામી સુખ સંપત થાશે　　જય૦ ॥૫॥

શ્રી કૃષ્ણ બલદેવકી જય

॥ રાગ પ્રભાત. ૧ ॥

ઊઠ તું પ્રાણીયા ભજને શ્રીહરી; સ્વપનવત સુખછે જુગ કાચું. ઊઠ૦ ૧
ઊઠને ઝટપટ મુકને ખટપટ; ભજને ઝટપટ નામ સાચું.　ઊઠ૦ ૨
શુક સનકાદીક ભક્ત પ્રેલાદીક; જપતા જાપ દઇ દીલ તાસું.　ઊઠ૦ ૩
સુત વીત સુખમાં મગન થઇ ભૂલમાં; હર કહે ભજ હરી સુખ ઝાઝું. ઊઠ૦ ૪

॥ રાગ પ્રભાત. ॥

આદીતે ભજ અંતરયામી ભજ નીરંજન નામરે.　॥૧॥
શોમવાર તે શીરને સાટે અટપટું છે કામરે　॥૨॥
મંગલવારે મનમંદીરમાં સદગુરૂ મોહન ઠામરે.　॥૩॥
બુધે બુદ્ધી વાણી મનશું તનશું દઇને તાનરે.　॥૪॥
ગુરૂવારે ગુરૂગમ ગુણ લઈ ઊતરવું પારરે.　॥૫॥
શુક્રવારે સુરત નુરત લઇ કરવો રણ સંગ્રામરે.　॥૬॥
શનીવાર તે સુખસીંધુ છે ઘટ ઘટ રસના સ્યામરે　॥૭॥
હરગોવીંદ કે હરી ભજીલે સાતે વાર વીશ્રામરે.　॥૮॥

॥ ભજન. ॥

ચપળ ચોર મન જીત સમજ મન ચપળ ચોર મન જીત
મન છે કપટી મન હરામી,
માન સીખકર હીત; સમજ. ॥૧॥
ધીરજ ઢાલ ને ખાનુ બરછી,
ક્ષમા ખડગ સત પ્રીત. સમજ. ॥૨॥
કામ ક્રોધને લોભ મોહ મદ,
માર પાંચ કર ખીજ; સમજ. ॥૩॥
જ્ઞાન ધ્યાન ને ભજન ભાવ એ,
ચાર સાથ લે ચીત સમજ. ॥૪॥
હરગોવીંદ કે હરી ભજી લે;
સાચ માન મમ મીત સમજ. ॥૫॥

રાગ પ્રભાત.

રામ ભજન કર રામ ભજન કર રામ ભજન કર ભાઇ રે,
કુટુંબ કબીલો તારે કામ ન આવે;
સાચી બ્રહ્મ સગાઇ રે રામ ભજન૦ ૧
કાયા માયા પલમાં જાયે સંગન આવે પાઇ રે;
પાપ પ્રપંચ દગા કરને કરતો ધન કમાઇ રે રામ૦ ૨
આવ્યો અવસર ફેર ન આવે લે મન ગોવીંદ ગાઇ રે;
અંત વખતના હરજી બેલી જે તું ચીત ઠરાઇ રે રામ૦ ૩
ચેત ચેત ચીત એરે અભાગી કાયા ઊત્તમ પાઇ રે;
હરગોવીંદ કે હરી ભજીયે એ છે સાચ કમાઇ રે. રામ ભજન૦ ૪

॥ ગરબો. ॥

જય જય નિરંજન નાથ શ્રી અવિનાશી રે,
નિશદીન લાગું તુજ પાય ભવભય હારી રે;
જય સતચીદઆનંદરૂપ શ્રી અવિનાશીરે.
જય અખંડ બ્રહ્મ સ્વરૂપ ભવભય હારીરે,
જય જય બહુનામી ઇશ શ્રી અવીનાશીરે;
જય સ્વામી શ્રી જુગદીશ ભવભય હારીરે.
જય જય શ્રી જાદવરાય શ્રી અવિનાશીરે,
જય શંખ ચક્ર ધરનાર ભવભય હારી રે;
જય જગદ્‌ગુરૂ જુગદીશ શ્રી અવિનાશીરે.
જય ભક્તવચ્છલ ભગવાન ભવભય હારીરે,
જય ગદા પદ્મ કર ધારી શ્રી અવીનાશીરે;
ગુણ વેદ તમારા ગાય ભવભય હારીરે.
જય દેવ ગોવર્ધનધારી શ્રી અવિનાશીરે;
હરગોવીંદ લાગે પાય ભવભય હારીરે.

॥ પદ ॥

(રાગ—કરવું હોય તે કરે કૃષ્ણને કરવું હોય તે કરે.)

ભજ ભજ હરિ હરિ નામ સમજ મન ભજ ભજ હરિ હરિ નામ!
સત સંગત સતગુરૂની સેવા;
એ ઠરવાનો ઠામ સમજ મન ભજ० ૧
માત તાત સુત કુટુંબ કબીલા;
સ્વારથનાં એ તમામ સમજ મન ભજ० ૨
જપ તપ તિરથને પરમારથ;

એ કરવાનું કામ સમજ મન ભજ૦ ૩
લોભ મોહ મદ ક્રોધ તજીને,
માર કામ ધરી હામ સમજ મન ભજ૦ ૪
ભજ હરગોવીંદ હરિ ભજી લે;
ગાગા હરિગુણ ગાન સમજ મન ભજ૦ ૫

॥ પદ ॥

(રાગ—ભરથરી.)

ગુરૂજી વિના ગમ નહીં પડે ઓરે મૂઢ ગુમાર. ગુ૦
શું થયું ચાર વિદ્યા ભણે;
ભણ્યો ભણતર અઢાર. ગુરૂજી૦ ૧
શું થયું સ્નાન સેવા થકી;
દીધે દાન અપાર ગુરૂજી૦ ૨
શું થયું રંગ ને રાગથી;
ભર્યા ધનના ભંડાર. ગુરૂજી૦ ૩
શું થયું પરને પરમોદતાં;
તું ના સમજ્યો લગાર. ગુરૂજી૦ ૪
શું થયું ઊંચા કુળનો;
રહે સફ ને સાફ. ગુરૂજી૦ ૫
શું થયું રાજ સેવ્યા થકી;
પામ્યો માન અપાર. ગુરૂજી૦ ૬
દાસ હરગોવીંદ વિનવે;
લાગુ હું ગુરૂજીને પાય. ગુરૂજી૦ ૭

॥ પદ ॥

(રાગ–કરવું હોય તે કરે કૃષ્ણને કરવું હોય તે કરે.)

સ્વારથકો સંસાર સમજ મન સ્વારથકો સંસાર;
સ્વારથ સારૂ સબ જગ રૂવે કોણ પુરૂષ કુણ નાર. સ૦
સ્વારથ સારૂ પરને મારે કરે કુકર્મ અપાર. સ૦
સ્વારથ કે સબ સુત વિત દારા કોણ રંક કુણ રાય. સ૦
સ્વારથ છોડી કર પરમારથ કરી મન વિચાર. સ૦
હરગોવિંદ હરિ ભજીલે ભજ ભજ જુગદાધાર. સ૦

॥ પદ ॥

(રાગ–વાલીડા ચડજ્યો વારે રે.)

હરિહર વેગે આવોરે પાયે પડું છું,
વાલાજી હું તો જેવો તેવો છું તમારો;
મુને આ ભવ પાર ઊતારોરે પાયે૦ ૧
વાલાજી હું તો કામી ક્રોધીને ધૂતારો,
મારાં આવ્યા વીઘનને વારોરે પાયે૦ ૨
વાલાજી મેંતો અવગુણ કીધા છે બહુ ભારી;
આ અરજ સુણજો મારી રે. પાયે૦ ૩
વાલાજી મારા તમે છો દીનકેરા બંધુ;
હું તો છું ગાફલ ગંડુરે. પાયે૦ ૪
વાલાજી હું તો પળ પળનો અપરાધી;
ટાળોને આધી વ્યાધીરે. પાયે૦ ૫
વાલાજી મારા આવી વસ્યાછો મારા ઊરમાં;
હરગોવીંદ આપ ચરણમાં રે. પાયે૦ ૬

॥ પદ ॥

(રાગ—કરવું હોય તે કરે કૃષ્નને કરવું હોય તે કરે).

થાવાનું તે થાય સમજ મન થાવાનું તે થાય,
લખ્યા લેખ તો નહીં ટળવાના;
પુરો ક્રોડ ઉપાય. સમજ મન   થાવાનું॰ ૧
મનનું ધાર્યું વ્યર્થ જવાનું;
હરિ ઇચ્છાએ થાય સમજ મન.   થાવાનું॰ ૨
ચડયું તે તો ઉતરવાનું;
ભરયું તેજ ઠલવાય સમજ મન   થાવાનું॰ ૩
જનમ્યું તે તો જરૂર જાયે;
ફુલ્યું તેજ કરમાય સમજ મન.   થાવાનું॰ ૪
હરિ ભજી લે હરગોવિંદ;
ભજ ભજ રણછોડરાય સમજ મન   થાવાનું॰ ૫

॥ પદ ॥

(રાગ—વાલીડા ચડજો વારે રે—એ રાગ.)

પ્રભુજી દયા કરી પધારોરે પાયે પડું છું;
મારી બુડતાં બાવડલી ઝાલોરે   પાયે॰ ૧
વાલાજી મારા જનમો જનમના છો સંગી;
ત્રીકમ નટવર નવરંગીરે   પાયે॰ ૨
વાલાજી મારા શીલ ને સંતોષ મુને આપો;
મારાં કષ્ટજ સર્વે કાપોરે   પાયે॰ ૩
વાલાજી મારા હુંતો જપું છુ તારા જાપો;
કાપો કોટી જન્મનાં પાપોરે.   પાયે॰ ૪

વાલાજી મારા સદાયે રાખો મેહેરબાની;
હરગોવિંદ વદે છે વાણી રે. પાયે૦ ૫

ગજલ.

(રાગ–દશા આશી થઇ મારી)

હરદમ્ હર હર હર ભજના, સભી તરગટકો તજના;
દયા દેદારમેં રખના; ભુખેકું અન્ન દીલાના. હર૦ ૧
દીસે વો સબ જાનેકા; નહી હે કુચ્છ રેનેકા. હર૦ ૨
ભુલો મતએ સભી ખોટા; જેસાહે જલકા પોટા. હર૦ ૩
હરગોવિંદકા કહેના; લગે અચ્છા સોહી કરના. હર૦ ૪

ગજલ.

(રાગ–દશા આ શી થઇ મારી.)

હરિહર નામ લેનેંસેં;
ત્રીવિધી પાપ જલતા હે. ૧
ચાતે હો કુચ્છભી દીલમે;
વોહી સાહેબ સુનતા હે. હરિ૦ ૨
આગે જો કુચ્છ કીયાથા;
વોહી આકર મીલતા હે. હરિ૦ ૩
ચાતે હો દીલસે મેરા;
ઊસીકો છોડ જાના હે. હરિ૦ ૪
હરગોવિંદ હર ભજલે;
હોનેકા સોઈ હોતા હે. હરિ૦ ૫

પદ.

(રાગ-ભજનનો છે.)

હરિ ભજન કર મનમાંરે ભાઇ હરિ ભજન કર મનમાં,
આજ કાલ કરતાં કાળ નીવડશેરે;
આવી પકડશે પળમાંરે. ભાઇ૦ ૧
મોહ મમતાના આધીન થઇને રે;
લાખ ચોરાસી ફરમાંરે. ભાઇ૦ ૨
કાચી છે કાયા ને જુઠી છે માયા રે;
રોગ ભર્યો રગ રગમાંરે. ભાઇ૦ ૩
કહે હરગોવિંદ દ્વી કર જોડી રે;
નીચશું યારી કરમાંરે. ભાઇ૦ ૪

પદ.

જો તું જાગીને જગમાંરે ભાઇ જો તુ જાગીને૦
હરી વસ્યા જળ થળમાંરે. ભાઇ૦ ૧
પૂરવ હરી ને દક્ષીણુ હરીરે;
ઉત્તર હરિ છે વા વાદળમાંરે. ભાઇ૦ ૨
ચંદ્રામે હરિ ને સુરજમાં હરિરે;
જપ તપને તિરથમાંરે. ભાઇ૦ ૩
હુંમાં હરિ ને તુંમાં હરિ છેરે;
હરિ હરિ ઘટ ઘટમાંરે. ભાઇ૦ ૪
બાહાર હરિ ને ભીતર હરિરે;
જોને આ સચરાચરમાંરે. ભાઇ૦ ૫
હરિ વિના ઠાલો ઠામ ન દીસેરે;
જો તુ વિચારી મનમાંરે. ભાઇ૦ ૬

દાસ હરગોવિંદ અરજ કરેછે રે;
હું છુ આપના શરણુમાંરે. ભાઈ૦ ૭

પદ.

ચેત મુરખ તું ગર્વ કરીને, મન મોટાઈથી ફુલે;
પ્રભુ ભજ્યા વિણુ પાપ કરંતાં ભવસાગરમાં તું ઝુલે ચેત૦ ૧
પાપ પ્રપંચો દગા કરીને તું લક્ષ્મીને રળે;
લક્ષ્મીવાન થાવાને ઈછે, જો જાગીને કાળ નડે. ચેત૦ ૨
હું પંચાતી ડાહ્યો જગમાં, હું નૃપતિ અધીકારી;
હું તું કરતાં સ્વાસ ખસેથી, પળમાં ગત થાશે ન્યારી. ચેત૦ ૩
કોટી ઉપાયો કરો માનવી કોઇ નહી આવે સાથે;
હરગોવિંદ હરિ ભજી લે સદ્‌ગુરૂની કૃપાવડે. ચેત૦ ૪

પદ.

ચેત ચેત મન હરિ ભજીલે માનવ જન્મ નહી મળે,
હરિને ભજતાં દામ ન બેસે;
કોટી જન્મનાં પાપ જલે. ચેત૦ ૧
દુઃખ દાવાનલ સરખું જગમાં;
ભવમાં સુખ તો નહી મળે. ચેત૦ ૨
માયા મોહ લોભાધીન થાતાં;
જો ભાગ્ય તારૂ બગડે. ચેત૦ ૩
બાજી છે આ જુઠ જગતની;
તેમાં ફુલી શું માહાલે. ચેત૦ ૪
આવી પકડશે કાળ પલકમાં;
કમાઈ સાચી તું કરલે. ચેત૦ ૫

કરૂ૩૮

પેશ પાતાળે વજર પેટીમાં; તોપણ કાળ નહીં મુકે,
હરગોવિંદ આ અવસર રૂડો;
ચતુર હશે તે નહીં ચુકે. ચેત૦ ૬

પદ.

(રાગ—હું હે રાજાજી હું હે રાજાજી)

તું છે તું છે તુંછે આતમ તુજ વિના નહીં કોઈ રે;
તું છે રાજા તું છે પ્રજા જો તું ઘટમાં જોઇ રે.
તું છે નર ને તું છે નારી તુજ વિના નહી કોઇ રે;
તું છે સાધુ તું સંન્યાશી જો તું ઘટમાં જોઈ રે.
તું સંસારી તું બ્રહ્મચારી તુજ વિના નહી કોઈ રે,
તું છે ગ્નાની તુ છે ગંડુ જો તું ઘટમાં જોઇ રે;
તું છે ઘટમાં તું પર ઘટમાં જોતું.
એકજ તું છે અનેક રૂપે તુજ વિના નહી કોઇ રે;
તું છે બ્રહ્મ તું નિર્દોશી જો તું ઘટમાં૦
કરણી તેવી પાર ઉતરણી જો તું ઘટમાં.
હરગોવિંદ હરી ભજી લે હોનન હારસો હોઇરે.

કટાવ.

ધીર ધરીને સ્થીર રહીને સુરતા સાધો,
કામ ક્રોધનો ટાળી વાંધો;
નેત્ર મીચ નીરમાણુ કરી લ્યો.
સોહં અજપા શબ્દ સુણી લ્યો,
વંકનાળની વાટે વળજ્યો, ધ્યાન રાખીને

મગને ચડજ્યો, ટીક કરીને ત્યાંહે ઠરજ્યો.
નીરખી નાથને પાયે પડજ્યો,
છે આ ઘટમાં અંતરપટમાં;
અંતરયામી પુરૂષ પુરાણી ધ્યાન રાખીને
જુવો ધ્યાની, ગાવે બજાવે નરને નારી;
વાગે વાજાં વીવીધ ભારી, ઘંટ ને ઘડીયાળો.
વાગે શંખ મૃદંગને વેણાવાયે નારદ ગાન કરીને,
ગાયે જય ગીરધારી દેવમોરારી મદનમોહનજી;
દામોદરજી દેવ મળી ગંધર્વ ગાયે.
હરગોવિંદ તુજ પડતો પાયે.

ભજન.

રામ રસ તું પી સમજ મન રામ રસ તું પી. ટેક.
રામરસનું પાન કરીશ તો,
જમ કરશે જી જી. સમજ મન. ૧
આ જગ સુખ તું સ્થીર માને છે;
કાળ હસે ખી ખી. સમજ મન. ૨
રામ ભજનમાં હેત રાખ તું;
પાપ કર્મથી બી. સમજ મન. ૩
હરગોવીંદ કહે રામ નામ વીણ;
બીજી વાતતે શી. સમજ મન. ૪

ગરબો.

પ્રભુ દાદ સુણજ્યોરે મારી,
હું તો શરણે આવ્યો છું તમારી. પ્રભુ. ૧

તમો વિના મુજ દુઃખ કોણ હરશે,
સરીતાનું નિર તો સાગરમાં ભળશે;
હાથ જમણો મુખ સામો વળશે. પ્રભુ૦ ૨

જાણોછોજી શુંરે કેવું પડશે,
તમોને જે ભજશે તે તરશે;
બીજા લાખ ચોરાસી ફરશે. પ્રભુ૦ ૩

દાસની તો અરજ ઉરે ધરીયે,
તમો જેમ રાખો તેમ રહીયે;
વારે વારે તમને શું કહીયે. પ્રભુ૦ ૪

ભક્તવચ્છલ છોરે અંતરયામી;
કોઇથી તારી કળા ન કળાણી;
હરગોવિંદ કુણ માત્ર પ્રાણી. પ્રભુ૦ ૫

પ્રભુને નમસ્કાર.

નમન કરૂંછુ કેશવજીને, નમન કરૂ છુ નટવરજીને;
નમન કરૂંછુ ભુધરજીને, નમન કરૂ છુ ત્રીકમજીને.
નમન કરૂ છુ મોહનજીને, નમન કરૂ છુ અંતરયામી;
નમન કરૂ છુ સારંગપાણી, નમન કરૂ છુ પુરૂષ પુરાણી.
નમન કરૂ છુ નિરંજનને, નમન કરૂ છુ નિરાકારને;
નમન કરૂ છુ વિશ્વાધારને નમન કરૂ છુ રામ રામને.
નમન કરૂ છુ આત્મા રામને.

ભજન.

(રાગ—આ તંનરંગ પતંગ સરીખો.)

દેહનગરકા વાસી દેખો, અજબ તમાસા કરતાજી;
બીના નેન મુખ દેખત બોલત, બીના પાઉસેં ચલતાજી. દેહ૦ ૧

પળમે રાજી થાયે કરાજી, પળમે હસતા રમતાજી;
પળમે જ્ઞાની બને બેભાની; પળમેં હું તું કરતાજી. દે૦ ૨
આત્મારામની ગહનગતી છે, ગણતાં નાવે છેહજી;
હરગોવિંદ કેહે હરી ભજીલે, ગુરૂ કૃપાની સાથજી. દે૦ ૩

(રાગ—બોલો પોપટજી બોલ બોલો.)

જરી બોલો હરીહર બોલો;
તમે અંતરના પડદા ખોલોરે જરી૦ ૧
અંતરયામી પુરૂષ પુરાણી;
વિના જીવિત ધૂળધાણીરે. જરી૦ ૨
છોરે દયાળુ ઓરે માયાળુ;
મોહને મમતા તોડોરે. જરી૦ ૩
દાસ હરગોવિંદ દ્રી કરજોડે;
હરીચરણુ ચીત જોડો. જરી૦ ૪

પદ.

રામ નામ રસ લેહ લાગીરે ભાઇ;
જોયું આ ઘટમાં જાગીરે ભાઇ રામ. ૧
સંત સોહાગી ભેટયા ઉલટમાંરે;
અંતરની ભ્રમણા ભાગીરે. ભાઇ. ૨
સુખ દાવાનલ સરખું જગનું રે;
જોયું તે દીલમાં તપાસીરે. ભાઇ. ૩
મીથ્યા જુનીને ભારે મારીરે;
નવ ભજ્યા વનમાળીરે. ભાઈ. ૪

કર પરમારથ ભજ હરીનેરે;
હરગોવીંદ કહે હુલ્લાસીરે ભાઈ. ૫

તીથીયો.

રાગ—રઘુપતી રામ હૃદયમાં રેજ્યોરે.

હરીહર નામ ભજ મન ભાઇરે કરી લેને તું સાચી કમાઇ ૬૦

પડવે પ્રીત પાંડવોએ કીધીરે
લાખાગ્રહમાં સંભાલ લીધી હરીહર નામ. ૧
બીજે બીજી વાતો મીરાંબાઇરે;
સુખ લીધું હરી ગુણ ગાઇ હરીહર નામ. ૨
ત્રીજે ત્રીકમ તારણ તરવારે;
ધ્રુવ બેઠા છે ધ્યાનજ ધરવા. હરીહર. ૩
ચોથે ચતુર થઈ નવ ચુકેરે;
નામ પ્રેહલાદ મરતાં ન મુકે હરીહર. ૪
પાંચમે પંચ વીષયને બાંધીરે;
જોયું કબીરે સૂરતાને સાધી હરીહર. ૫
છઠે છોગાળે દરસન દીધુંરે;
મેતા નરસીયે નામ જો લીધું હરીહર. ૬
સાતમે સુખ સુંદર આપ્યું રે;
દુઃખ સૂદામા ભક્તનું કાપ્યું હરીહર નામ. ૭
આઠમે અરજ સુણજ્યો મારીરે;
એવા ભક્ત લીધા બહુ તારી હરીહર નામ. ૮
નુમે નથી રેહેવાનું નામરે;
પ્રભુ ભજ્યાથી થાશે કામ. હરીહર નામ. ૯
દશમે દાન દયાને દીનતારે;

હરી મળવાના મારગ સીધા હરીહર નામ. ૧૦
એકાદશીએ એકજ વાતરે;
હરી હરી ભજો દીન રાત હરીહર નામ. ૧૧
દ્વાદશીયે સતસંગ સારોરે;
કુડ કપટ દીલથી કાઢો હરીહર નામ. ૧૨
તેરશે તાપ ત્રીવીધી ટળશેરે;
તન તપાસેથી હરી મળશે હરીહર નામ. ૧૩
ચૌદશે ચીત દઇને ચેતોરે;
હરીહર અંતરમાંહી દેખો. હરીહર નામ. ૧૪
પુનમે પ્રભુ પરઘટ પરખોરે;
જોઇ સચરાચર મન હરખો. હરીહર નામ. ૧૫
પંદર તીથીયો જે પુરણુ ગાશે રે;
હર કહે હરીજન થાશે. હરીહર નામ. ૧૬

ભજન.

રાગ–ભરથરી.

પંચરંગી દીસે બંગલો રચી રચના અપારજી;
તેમાંરે બીરાજે મારો સાયબો સતગુરૂજીની સાથજી. પંચ ૧
સોહંગ સોહંગ દોર હાથમાં ધરી ચડગો ગગનજી અકલીત
વાતો એહની શેષ ન પારજી. ....પંચ. ૨
સાચા દેવતે દેવલ માંહી બીજો દીસે પાખંડજી;
સદ્દગુરૂ શરણે જઇ જુવો મળે નીરંજન દેવજી. પંચ. ૩
દસરે દરવાજા છે અટપટા વસે જોરાવર જોધજી;
ભજન ભડાકે ભાગશે હર કહે હર ચોરજી. પંચ. ૪

પદ ૨

રાગ—ધીરાના પદનો.

આવો મારા જીવનરે હું તો તમપર વારી;
લેજો શુદ્ધ મારીરે છોજી ભવભય હારી. આ૦ ૧
કાને કુંડલ શોભતાંરે ઉર અમુલક હાર;
ભાલ તીલક ને કરમાં ઝારી;
છબી મન હરનાર દાસ દુઃખ કાપોર,
વ્રજરાજ વીહારી આવો. આ૦ ૨
મન કટારી મુજને મારી ઘાયલ કાધું અંગ,
કામકાજ તો કાંઈ નવ સુજે,
લીધું હરી મન ગુરૂ ગરીબ નીવાજરે;
લેજ્યો ભવજલ તારી. આવો૦ ૩
તમો માતને તમો તાત છો તમો ભ્રાતને જાત,
હું ગાફલને હું છુ ગંડુ હું છુ જાત કુજાત;
દાસ હરગોવીંદ રે દાદ પ્રભુ ઉર ધારી આવો૦ ૪

પદ.

રાગ—ધીરાનો.

માયા નહી તારીરે ભજ મન ગીરધારી;
માને છે તું મારી રે અંતે દૂર થાનારી. માયા૦ ૧
કાયા માયા કારમીરે વણુસંતાં નહી વાર;
પાણી કેરા પરપોટાસમ દીસે આ સંસાર;
તેમાં શું લોભાણોરે માયા મન ઠગનારી. માયા૦ ૨
સ્વપનામાં સમૃદ્ધિ પામ્યો જાગે નહી તલભાર;
ઉસ ઉદકને બરાસ બીડી તેનો શો ઇતબાર,

દીસે કુડી માયારે સાચ નામ વનમાળી. માયા૦ ૩
આતમ તે પરમાતમા, પ્રીતી તાસું સાચ;
મણી સમ આતમ પ્રીતડીરે;
પર પ્રીતી જ્યું કાચ,
હરગોવીંદ કેહે છેરે, સત સંગ સુખકારી. માયા૦ ૪

પદ.

રાગ—ધીરાના પદનો.

લાગી માયા તારીરે ભૃગુકુલ દીપકમણી;
અનાથોના નાથરે દયા કરો દીન ગણી. લાગી૦ ૧
પ્રેલાદની પીડા પીછાની ધર્યું નરસીંહરૂપ;
હીર્ણાકશ્ય પાપીને માર્યો કુબજારૂપ અનુપ,
છો કલ્યાણકારીરે, દાદ સુણો દત્ત હરી. લાગી૦ ૨
લજ્યા મારી નથી જાનારી આવ્યો ઉર વીશ્વાસ;
તમ વીશ્વાસે વળગી રહીને સોંપી તમને લાજ;
પાર વીનાના પાપીરે તાર્યા પ્રભુ ટેક ધરી. લાગી૦ ૩
જગ સગપણતે સ્વારથનુંરે તમ સગપણ તે સાચ,
નથી અજાણ્યું આપનું અંતરયામી નાથ;
દાસ હરગોવીંદરે ચાહે તવ ચરણ રતી. લાગી૦ ૪

પદ.

રાગ—ધીરો.

જગ પ્રીત કાચીરે ભજ મન અલખ ધણી;
કટે કોટી પાપરે જાય ભવ રોગ ટળી. જગ૦ ૧
પ્રીતીનું મુળ દુઃખ છે પ્રીતીનું ફળ શોક;

પ્રીતી કરતાં પ્રાણીને વાધે રોગ વીજોગ,
પ્રીત નવ કરશોરે સાધુ ભાઇ અવર તણી. જગ૦ ૨
દેખ દેખ સંગ કીજીયે સ્વારથકો સંસાર,
તારો ખાઈ તુજકો મારે ઉલટો માર;
નરકથી છે નરશીરે પ્રીત જન નુધરાં તણી. જગ૦ ૩
પ્રીતી સાચી સ્યામની પર પ્રીતી તે કુર,
સાચ સંત પ્રીતથી પાપો ભાગે દુર;
દાસ હરગોવીંદ રે ચીત તવ ચરણ ભણી. જગ૦ ૪

પદ.

બારમાસ.

ચૈતર માસે ચીત ચકલી તું શીદને ચીંતા કરે,
વૈશાખે વનમાળી ભજ તું જેથી કારજ સરે. ૧
જેઠ માસ તું જગમાં જનમી ફોગટ ફેરા ફરે,
અષાડે તું અલ્પ સુખમાં શીદ કુટાઇને મરે. ૨
શ્રાવણ માસે સંત સેવ તું જેથી ભવજલ તરે,
ભાદરવે શું ભાન ભુલીને આશાચોપટ રમે. ૩
આસો માસે આવી નડશે કાળપુરૂશ એક પળે,
કારતક માસે કમાઇ સાચી કરતાં શીદને ડરે. ૪
માર્ગશીર્ષમાં મન મુંડીને ધ્યાંન ધણીનું ધરે;
પોસે કર પરમાથ પ્રીતી લખચોરાશી ટળે. ૫
માઘે મન મદ મોહ તજીને હરનીશ હરને ભજે,
ફાલુગ્ને કુફેલ તજીને અરજ ઉર તું ધરે;
હરગોવીંદ કે હરી ભજન કર ગુરૂકૃપા તે બને. ૬

ગરબો.

છે ડાકોરની બલીહારી પ્રભુ મુરતી મંગલકારી,
દેવલની શોભા સારી સૌ ચાલો નરને નારી;
ભાવે ભજવા ગીરધારી લેવા નીજ જન્મ સુધારી,
બહુ દુરથી લોકો આવે કરી દર્શન શીર નમાવે;
હરખે દેખી જગભાણુ ગોમતી સ્નાન,
કરે સુખકારી છે; ડાકોર૦ ૧
શીર મણીમય મુગટ ધારી કાને કુંડળ કર ઝારી,
ભાલ તીલક ઊર હાર પુષ્પની માળ;
ઓપતી સાદી; છે ડાકોરની૦ ૨
સુરંગ પીતાંબર શોભે ચર્ણે પાદુકા ઓપે,
અધર મોરલી સાર ધરી નીરધાર;
મન હરનારી, છે ડાકોરની૦
હરીજન અરજ ઊર ધારી ભાવે ભજીયે વનમાળી,
છે માનવ જન્મ લાવ આવીયો દાવ;
હર કહે હરીપર વારી. છે ડાકોરની બલીહારી૦ ૪

ભજન.

ચર્મચક્ષુસેં દેખનપાવે જ્ઞાનચક્ષુસેં દેખારે ભાઇ;
નહી મેં તપસી નહી મેં ધ્યાની,
નહી મેં જોગી ભોગીરે ભાઈ. ચર્મ૦ ૧
નહી મેં સાધુ નહી સંન્યાસી;
નહી મુની નહી જાપીરે ભાઇ. ચર્મ૦ ૨
નહી મેં ભુખ્યા નહી મેં ધાપ્યા;

નહી રૂપ ગુણ રેખારે ભાઇ. ચર્મ૦ ૩
નહી મેં પાંચ નહીં મેં પચીસ;
નહી સુર દાનવ માંનવરે ભાઇ. ચર્મ૦ ૪
નહીં મેં મરતા નહીં જનમતા;
નહીં મેં જુઠા સાચારે ભાઈ. ચર્મ૦ ૫
હર એકીલા હરહે સબમેં;
હરહેં સબસેં ન્યારારે ભાઇ. ચર્મ૦ ૬
હરગોવીંદ હરકું સમરલે;
મેં સરભંગી હરકારે ભાઇ. ચર્મ૦ ૭

ભજન.

સો જોગી ગુરૂ મેરા સાચુ,
કરે પદ નીવેડારે ભાઇ. સો૦ ૧
અજબ ખેલ એક હમને દેખા;
નગર તીરથકું જાવેરે ભાઇ. સો૦ ૨
બીના પાંખ પગ પંખી ઉડે;
ચાર જુગમેં ફરતારે ભાઇ. સો૦ ૩
દેખત જનકું અંધા દોરે;
મુષક જગકું ગળતારે ભાઇ. સો૦ ૪
સાચ વસ્તુકું કોન નવ દેખે;
જુઠ વસ્તુકું ધાવેરે ભાઇ. સો૦ ૫
હરગોવીંદ હરકી લીલા;
કોઇયે પાર નહીં પાયારે ભાઈ. સો૦ ૬
પાયા સો ભઇ ભયા દીવાના;
સાધુ એ બતલાયારે ભાઇ. સો૦ ૭

ભજન.

(ભજન રાગ-ધીરાનાનો)

ભજભજ હરીહરરે સાચું માની મન મેરા;
કાયા માયા જુઠીરે પ્રભુ વીણુ કુંણુ તેરા. ટેક૦
અવીચળ કોઇ નહીરે મનવા મત કર કોની આશ,
રણારબંધથી સરવે મળીયું તારૂં નહીં તલભાર;
કાલ ક્રીડા કરે છેરે જાએ વીતી જીવન તેરા. ભજ૦ ૧
તું કોણુને કયાંથી આવ્યો કર તેનો વીચાર,
કામ ક્રોધ મદ લોભ મોહને માર માર કર ઠાર;
જા સદ્‌ગુરૂ શર્ણરે જેથી ટળે અઘ તેરા. ભજ૦ ૨
તું પણ નથી હું પણ નથી ને છે નહીં આ લોક,
સમજ સમજ મન અંતરમાં તું કરે શીદને શોક;
દાસ હરગોવીંદરે પાર તેરા નહીરે પાયા. ભજ૦ ૩

ભજન.

રાગ-ઊપરનો.

ગુરૂજી વેગે આવોરે દોશ મારા દુર કરી,
છુ બાળ તમારોરે કહું તવ ચરણુ પડી. ટેક૦
કામી ક્રોધી માયા લોભી છું જગ ધુતારો,
પળ પળનો છું અપરાધીજી ટાળો આધી વ્યાધી;
છું ગાફલ હું ગંડુરે તમે પ્રભુ દીનબંધુ. ગુરૂ૦ ૧
કુડ કપટ મમ દીલથી કાઢો કરો ઊરમાં વાસ,
પાપી પુરો જુઠાબોલો છુ હું દાસનો દાસ;
દુઃખ કોને કહુંરે દેદારની તો દીલ જાણે. ગુરૂ૦ ૨
દયા દાનને દીનતા સત્ય અને સંતોષ,

દીન દીન અધીક આપજ્યો કદી ન કરશો રોશ.
હરગોવીંદ કહે રે મેં હું બાળ પ્રભુજી તેરા. ગુરૂ૦ ૪

ભજન.

(રાગ—ધીરાના પદનો.)

ઘટ ઘટ આતમરામરે ઓ મન મુરખ શીદને ફરે,
ગુરૂગમની છે વાંણીરે જો તુ તારૂ ચીતડું ઠરે. ટેક૦
પતીવ્રતા જ્યું પતી તજીને પરમ પુરૂશ લે જાણી;
જારઘર મળે જીવડો જાણી પડે ચોરાસી ખાણી,
એક ગુરૂ એક ઇશ્વરરે એક નામ નીશાની. ઘટ૦ ૧
અજર અમર રસ કોઇ નવ જીરવે મરજીવાલે માણી,
સગુણ નીરગુણથી તે ન્યારો ગુણાતીત ગુણખાણી;
છે સુવર્ણ એકરે ઘાટ તેના અનેક દીસે. ઘટ૦ ૨
સુરત નુરતની જયોતી ઝળકે સુરતા તહાં ઠેરાણી,
મુલાધારથી બ્રહ્મરંધ્રમાં પીગે ચડીને પાણી;
ગુરૂગમથી લ્યો ગોતીરે દેહનગરમાં પ્રભુજી રમે. ઘટ૦ ૩
ગુરૂગમ વીણ ગોથાં ખાધાં મુવો મતને તાણી,
લાખચોરાશી ફેરા ફરતાં ઊર ભકતી નવ આણી;
દાસ હરગોવીંદરે સમજ ભજ અવીનાશી. ઘટ૦ ૪

ભજન.

(રાગ—ઊપરનો)

મોત ભમે છે માથેરે પળમાં તુંને પકડી જશે,
આશા ભંગ થઇશરે તારૂં ધાર્યું ધૂળ થશે. ટેક૦

મોતી માણુકને હાથી ઘોડા ધનતણો નહી પાર,
તેતો તારે સંગ ન આવે સાથે પુન્યને પાપ;
વીશ્વેશ્વર ભજરે જાયું તેતો જરૂર જશે. મોત૦ ૧

કુગુરૂનો ત્યાગ કર તું પાપકર્મથી બી,
હોય દ્રવ્ય તો દાન આપ તું સત્ય સાથમાં રહી;
કુડ કપટને તજરે જેથી તારૂ કારજ થશે. મોત૦ ૨

હરીભજન યાતો પરમારથ આખર આવી મળશે,
જે વસ્તુ જેનાથી ઉપજે તે તેમાં જઇ ભળશે;
દાસ હરગોવીંદરે કહે થવાનું તેજ થશે. મોત૦ ૩

ભજન.

તેરા જગમેં કુણ સમજ મન તેરા જગમેં કુણ,
આપન પાયા ઓર ભરમાયા;
એજ ઊર તવ ભુલ સમજ મન૦ ૧

ફુલ્યા ફુલ્યા થઇને ફરતા,
કરતા બસ બીલકુલ;
ગર્ભવાસમેં કયા કીયાથા,
ચેત હરામી લુણ સમજ મન. ૨

હુંને મુકી તુંને મુકી, કેવે ગ્નાની સુન
હરનીશ હરકું સમરલે;
કર રામ નામકી ધુન સમજ મન.

ભજન.

રાગ—રાગ પદનો.

સમજ સમજ મન કયું નહીં સમજે,
ફોગટ કાયકું ફરતાજી. સમ૦ ૧
તન ધન ધામ નહી હે તેરા,
કરમકુટ શીદ કરતાજી. સમ૦ ૨
મટ્ટીકા યે ખેલ હુવા હે,
મટ્ટીમે મીલ જાવેજી. સમ૦ ૩
કર વીચાર સમજલે દીલમેં,
ટેકું ટામે મરતાજી. સમ૦ ૪
સ્વાસોસ્વાસે હરી સમર લે;
ફેર જનમ નહીં પાવેજી. સમ૦ ૫
હરગોવીંદ હર મતી ભૂલના;
હર હર હર હર કરનાજી. સમ૦ ૬

ભજન.

રાગ—ધીરાના પદનો.

ધીર ધરી જો મનવારે માયા મમતા દૂર કરી;
માનવ જન્મ ખોયોરે અવીદ્યાનો સંગ કરી. ટેક૦
ચડે પડે દાડો નમે લખ્યું ન મીથ્યા થાય,
ઊગ્યા તેતો આથમે ફુલ્યા સો કરમાય;
અભીમાન તું તજરે પ્રભુ કરે તે થાય સહી. ધી૦ ૧
સુખમાં રાજી નહી થવું દુઃખમાં રોવું નહી,

સુખ દુઃખ એકજ માનવું હરી ભજનમાં રહી;
દૂર્જનથી નવ ડરવુંરે રહેવું બાળ રૂપ થઇ. ધી૦ ૨
શ્રોતા વીષ્ણું જાણીયે વક્તા વોહો હરી,
ફરતા હરતા બ્રહ્મ છે દેખ આત્મા સહી;
દાસ હરગોવીંદરે સમજ મન વાત ખરી. ધી૦ ૩

ભજન.

રાગ—કલ્યાણ,

શાન્તી શાન્તી શાન્તી પ્રભુ જગ વીશે કરો,
બાળ જાણી પ્રાણીનાં સૌ દોષ દૂર કરો. ટેક૦
થાય સુણી જન સહુ જ્ઞાન ગુણ ભરો. શાન્તી૦ ૧
રહે સહુ સુસંપમાં ઊર વાસ તમે કરો. શાન્તી૦ ૨
કરે નવ કુકર્મ કોઇ અરજ ઊર ધરો. શાન્તી૦ ૩
હરગોવીંદ કહે બાળ શુભ નજર ધરો. શાન્તી૦ ૪

દોહા.

અજ પુત્રીને વીનવું, શીવ સુત લાગુ પાય;
ગુરૂદેવની કૃપાવડે, આશા પૂર્ણ થાય. ૧

શીયાવર ગુરૂદેવકી જય૦

શ્રીહરી કૃષ્ણાય નમઃ